રાજ્યમાં આફ્ટર કેર યોજના શરૂ કરવા માટે રૂ.૧૫૮.૪૦ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ જજઅ/૧૦/૨૦૧૯/૨૮૩૦૪૩/છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૭/૦૯/૨૦૧૯.

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરનો તા.૦૩/૦૮/૨૦૧૯નો પત્ર ક્રમાંકઃ સસુખા/યજન/નવી બાબત-૧૯-૨૦/૨૦૧૯/૩૦૩ અને ૩૩૬.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરનો તા.૨૯/૦૫/૨૦૧૯નો પત્ર ક્રમાંકઃ સસુખા/સીપીડી/૧૯-૨૦/૧૧૧૬.

(૩) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, ગાંધીનગરનો તા.૧૯/૦૫/૨૦૧૭નો પરિપત્ર ક્રમાંકઃ જીએસસીપીએસ/સારા/૫૪/૨૦૧૭-૧૮/૧૮૦૩ થી ૧૮૩૫.

**આમુખઃ-**

ભારત સરકારના ધ જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, ૨૦૧૫ (૨૦૦૬નો ૨-જો) ની કલમ-૪૬ માં બાળ સંભાળ ગૃહમાં રહેતા બાળક અઢાર વર્ષની વયે પહોંચ્યા પછી બાળકને સમાજની મુખ્ય ધારામાં પુનઃસંકલન કરવા માટે નિયત કરેલ પદ્ધતિ અનુસાર નાણાકીય સહાય પૂરી પાડવાની જોગવાઇ છે. જે ધ્યાને લઇ રાજ્ય સરકાર દ્વારા બાળકને સમાજની મુખ્ય ધારામાં પુનઃસંકલન કરવા વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં આફ્ટર કેર યોજના હેઠળ મંજૂર થયેલ રૂ.૧૫૮.૪૦ લાખની જોગવાઈનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી

આપવા વંચાણે લીધેલા ક્રમાંક: (૧) ની નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક: (૧)ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને રાજય સરકાર દ્વારા આફ્ટર કેર યોજના હેઠળ બાળકોના શિક્ષણ તેમજ તેની વ્યવસાયિક શક્તિ માટે અને બાળકનું સમાજના મુખ્ય પ્રવાહમાં પુન:સંકલન કરવા ૧૮ થી ૨૧ વર્ષ સુધીના કુલ ૩૩૦ બાળકો માટે એક બાળકદીઠ રૂ.૬,૦૦૦/- માસિક લેખે જિલ્લા કક્ષાની આફ્ટર કેર કમિટી દ્વારા મંજૂર કર્યેથી મળવાપાત્ર થશે.

ભારત સરકારની ગાઇડલાઇનની જોગવાઇ મુજબ આફટર કેર યોજનામાં બાળક દીઠ ભારત સરકારના ૬૦% લેખે રૂ.૧૨૦૦/- અને રાજ્ય સરકારના રૂ.૮૦૦/- લેખે કુલ રૂ.૨૦૦૦/- ની સહાય હાલ મળે છે. આ રૂ.૨૦૦૦/-ની સહાયમાં રાજ્ય સરકારના ૧૦૦% લેખે વધારાના રૂ.૪૦૦૦/- ઉમેરી એક બાળક દીઠ પ્રતિ માસ કુલ રૂ.૬૦૦૦/- લેખે રાજ્ય સરકાર દ્વારા આફ્ટર કેર યોજના હેઠળ રૂ.૧૫૮.૪૦ લાખનો ખર્ચ કરવાની આથી નીચેની યોગ્યતાઓ તથા શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**યોગ્યતાઓ:-**

(૧) બાળક બાળ સંભાળ ગૃહમાં રહેતું હોય અને બાળક ધોરણ ૧૦ અથવા ૧૨ માં નાપાસ થયેલ હોય પરંતુ પુન:પરીક્ષા આપવા માટે ફોર્મ ભરેલ હોય તો શાળાના આચાર્યશ્રીના પ્રમાણપત્રના આધારે આ યોજનાનો લાભ આપવાનો રહેશે.

(૨) બાળ સંભાળ ગૃહ છોડ્યા બાદ બાળક સમાજમાં અથવા ૩ થી ૮ બાળકોના સમુદાયમાં રહેવા ઇચ્છતા હોય કે રહેતા હોય તો તેવા બાળકોને પણ સહાય મંજૂર કરી શકાશે.

(૩) પ્રસ્તુત યોજના હેઠળ સહાય મેળવવા માટે બાળકના નામનું બેંક એકાઉન્ટ ખોલાવવાનું રહેશે અને ડિસ્ટ્રિક્ટ ચાઇલ્ડ પ્રોટેક્શન યુનિટ (DCPU) દ્વારા

ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT)થી બાળકના બેંક એકાઉન્ટમાં ડાયરેક્ટ સહાયની રકમ જમા કરાવવાની રહેશે.

(૪) ૨૧ વર્ષ પૂર્ણ કરતા પહેલા પુખ્ત યુવાન કે યુવતી રહેવાની જગ્યા અને રોજગાર મેળવવામાં સફળ થયા હોય તેવા કિસ્સામાં સહાય બંધ કરવામાં આવશે.

(૫) બાળક સહાય મેળવે ત્યાં સુધી તેનું નિયમિતપણે ત્રિમાસિક ફોલોઅપ લેવાની જવાબદારી ડિસ્ટ્રિક્ટ ચાઇલ્ડ પ્રોટેક્શન યુનિટ (DCPU)ની રહેશે.

(૬) બાળાના કિસ્સામાં ૨૧ વર્ષ પૂર્ણ થયા પહેલાં લગ્ન થયાના કિસ્સામાં સહાય બંધ કરવાની રહેશે.

**શરતોઃ-**

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૯-૨૦ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત યોજના માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ અને આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આફટર કેર યોજના અંગેનો ખર્ચ માંગણી નં.૯૨, મુ.સ.-૨૨૩૫-૦૨-૧૦૨-૦૩-એસ.એસ.ડબલ્યુ.-૦૪ અને માંગણી નં.૯૬, મુ.સ.-૨૨૩૫-૦૨-૭૯૬-૧૬-એસ.એસ.ડબલ્યુ.-૦૪ બજેટ હેડ હેઠળ પાડવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૨૩/૦૮/૨૦૧૯ની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( જી. બી. વણઝારા )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સા.ન્યા.અને અધિ. વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી, (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, બ્લોક નં. ૧૯/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- સર્વે કલેક્ટરશ્રીઓ. (મારફત: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી. (મારફત: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફત: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સર્વે ડિસ્ટ્રિક્ટ ચાઇલ્ડ પ્રોટેક્શન યુનિટ (મારફત: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ - વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતીસહ.
- સિલેક્ટ ફાઈલ.